Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# કચ્છ જિલ્લાના સંદર્ભમાં ખેતીક્ષેત્રનો વિહંગાવલોકન

ગરોડા મહેન્દ્રકુમાર અરવિંદભાઈ

પીએચડી સ્કોલર અર્થશાસ્ત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,

**Email:** - shekhanimahendra@gmail.com

**સારાંશ**

ઐતિહાસિક દ્રષ્ટિબિંદુથી તપાસીએ તો પ્રાકૃતિક સ્થિતિ પછી પ્રથમ સોપાન કૃષિ વ્યવસ્થા છે. કચ્છ જિલ્લામાં ખેતી ક્ષેત્ર મહત્વનું સ્થાન ધરાવે છે. કચ્છ જિલ્લામાં ખેતી ક્ષેત્રે જે મહત્વના સુધારા થયા છે તે ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ નાં ભૂકંપ પછી થયા છે. ખેતી ક્ષેત્રે વધુ ઉત્પાદન પ્રાપ્ત કરવા માટે નીપજક ઘટકોનો ઉપયોગ વધ્યું છે. પણ સિંચાઈની સુવિધામાં ખાસ કોઈ સુધારા થયેલ જોવા મળતો નથી. કચ્છ જિલ્લામાં ગુજરાતના અન્ય જિલ્લાઓની તુલનાએ વિસ્તાર વધુ છે. પણ આ કુલ વિસ્તારમાંથી માત્ર ૨.૪૪% વિસ્તાર જ એવો છે જ્યાં એકથી વધુ વખત વર્ષ દરમ્યાન ખેતી કરવામાં આવે છે.

કચ્છ જિલ્લામાં વર્તમાન સમયે રોકડીયા પાકો વધુ લેવામાં આવે છે પણ આ પાકો માત્ર વરસાદની મોસમમાં વધુ લેવામાં આવે છે. કચ્છ એક સુકો પ્રદેશ છે, અહી દર પાંચ વર્ષે કોઈ એક વર્ષ દુષ્કાળનો હોય છે.

આ સમગ્ર અભ્યાસ દરમ્યાન જાણવા મળ્યું કે કચ્છ જીલ્લામાં ખેતીક્ષેત્રે પાકની તરેહમાં ૨૦૦૧ પછી પરિવર્તનો આવ્યા છે પણ સિંચાઈની સુવિધાઓમાં કોઈ ખાસ પરિવર્તનો જોવા મળતા નથી. ધન્ય પાકોની તુલનાએ રોકડિયા પાકોનો વાવેતર વિસ્તાર ઘણો વધુ જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો**:- ખેતી ક્ષેત્ર, જમીન વપરાશની તરેહ, તાલુકાવાર વરસાદ, કુલ ઉત્પાદન, એકંદર સિંચિત વિસ્તાર

ઐતિહાસિક દ્રષ્ટિબિંદુથી તપાસીએ તો પ્રાકૃતિક સ્થિતિ પછી પ્રથમ સોપાન કૃષિ વ્યવસ્થા છે. માનવ જીવન સાથે કૃષિ ક્ષેત્રની દોર એવી રીતે બંધાયેલ છે કે ગમે તેવી ઔદ્યોગિક ક્રાંતિ સર્જાય છતાં કૃષિક્ષેત્ર પર માનવીનું અવલંબન યથાવત્ રહે છે. ખેત પેદાશો ખાધ હેતુ તથા ઔદ્યોગિક હેતુ માટે ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે. કચ્છ જિલ્લામાં ખેતીક્ષેત્ર મહત્વનું સ્થાન ધરાવે છે. કચ્છ જિલ્લાની મોટા ભાગની વસ્તી ખેતીક્ષેત્રમાંથી રોજગારી મેળવે છે. કચ્છ જિલ્લામાં ઘણા વર્ષોથી ખેતીક્ષેત્રે પરંપરાગત કામગીરી ચાલતી હતી. કચ્છ જિલ્લામાં ખાસ કરીને ૨૦૦૧માં થયેલ ભૂકંપ પછી ખેતી ક્ષેત્રે પરિવર્તનો આવ્યા છે. ખેતીક્ષેત્રે નવા નિપજ ઘટકોની મદદથી ખેતી ક્ષેત્રે વધુ ઉત્પાદન પ્રાપ્ત કરવાના પ્રયત્નો થયા છે. વિવિધ પ્રકારના ખેત નિપજ ઘટકો જેવા કે સિંચાઈની સગવડો, રસાયણિક ખાતરનો વપરાશ, સુધારેલા બિયારણોનો ઉપયોગ, જંતુ નાશક દવાઓનો છંટકાવ, અત્યાધુનિક કૃષિ ઓજારોનો ઉપયોગ વગેરેનો યોગ્ય રીતે ઉપયોગ કરીને ખેતીક્ષેત્રે નવી વ્યૂહરચનાઓ કરવામાં આવી છે.

પ્રસ્તુત અભ્યાસમાં કચ્છ જિલ્લામાં ખેતીક્ષેત્રનો વિહંગાવલોકન કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. અભ્યાસમાં જિલ્લામાં જમીન ઉપયોગ, પાક મુજબ વાવેતર વિસ્તાર, સિંચિત વિસ્તાર, ખેત જમીન ધરાવતી વસ્તીનો પ્રમાણ, વિવિધ પાકો મુજબનો ઉત્પાદન વગેરે દર્શાવીને જિલ્લામાં ખેતીક્ષેત્રે થયેલા પરિવર્તનોની ચર્ચા કરવામાં આવી છે.

**કોષ્ટક ૧ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં તાલુકાવાર જમીન વપરાશની તરેહ મૂજબ વર્ગીકરણ**

| ક્રમ | તાલુકા | વિસ્તાર હેક્ટરમાં | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નોંધાયેલ કુલ વિસ્તાર | જંગલ | પડતર અને બિન ખેડાણ લાયક | બિન કૃષિ ઉપયોગમાં જમીન | કાયમી ગોચર | ખેડાનમાં બગાડ | વર્તમાન બગાડવાળી જમીન | ચોખ્ખુ વાવેતર વિસ્તાર | એક થી વધુ વખત વાવેતર હેઠળનો વિસ્તાર | કુલ વાવેતર વિસ્તાર |
| ૧ | લખપત | ૧૮૮૬૦૬ | ૫૯૫૪૯ | ૭૧૩૫૩ | ૧૭૪૧ | ૨૪૫૦ | ૧૩૪૦૦ | ૧૨૦૯૧ | ૨૮૦૨૨ | ૯૭૨ | ૨૮૮૯૪ |
| ૨ | રાપર | ૩૦૨૭૬૯ | ૩૧૭૬૪ | ૭૮૭૮૪ | ૭૦૬૨ | ૪૭૨૨ | ૨૮૦૬૨ | ૧૯૪૨૪ | ૧૩૨૯૪૭ | ૧૩૪૨૧ | ૧૨૬૧૮૮ |
| ૩ | ભચાઉ | ૨૦૨૨૧૪ | ૨૧૨૩૫ | ૫૦૮૮૨ | ૨૫૦૦ | ૫૭૩૦ | ૬૮૭૦ | ૪૦૧૨ | ૧૦૩૯૮૫ | ૨૧૯૫ | ૧૦૬૧૮૦ |
| ૪ | અંજાર | ૧૨૧૫૮૦ | ૪૨૨૮ | ૧૨૨૯૮ | ૧૩૧૪૬ | ૫૮૯૩ | ૧૯૯૭૩ | ૯૭૭૪ | ૫૬૭૬૮ | ૩૧૯૧ | ૫૯૯૫૯ |
| ૫ | ભુજ | ૪૫૮૧૨૩ | ૫૦૪૫૧ | ૬૨૬૨૮ | ૨૧૯૯૮ | ૯૫૩૫ | ૨૧૨૦૬૯ | ૨૭૮૮ | ૯૮૬૫૪ | ૪૬૮૦ | ૧૦૩૩૭૪ |
| ૬ | નખત્રાણા | ૧૯૮૭૩૨ | ૪૩૪૮૭ | ૭૩૧૧૫ | ૬૬૫૬ | ૧૦૯૬૧ | ૪૧૬૨ | ૭૧૦૩ | ૫૩૨૪૮ | ૨૧૯૨ | ૫૫૪૪૦ |
| ૭ | અબડાસા | ૨૪૦૫૪૪ | ૭૧૮૨૪ | ૨૬૩૧૮ | ૩૫૭૦ | ૧૩૦૨૩ | ૩૯૪૧૮ | ૭૧૫ | ૮૫૬૭૬ | ૬૪૮૦ | ૯૨૧૫૬ |
| ૮ | માંડવી | ૧૪૨૫૫૩ | ૧૧૨૮૮ | ૩૦૯૫૭ | ૫૫૭૦ | ૧૦૯૦૦ | ૯૪૭૭ | ૧૦૪૦૮ | ૬૪૦૩૮ | ૮૬૮૦ | ૭૨૭૧૮ |
| ૯ | મુન્દ્રા | ૮૮૮૦૫ | ૧૩૦૪૦ | ૨૧૬૬ | ૯૭૪૬ | ૬૧૩૦ | ૪૪૯૮ | ૨૦૭૧ | ૫૧૧૫૪ | ૬૧૫૦ | ૫૭૩૪૦ |
| ૧૦ | ગાંધીધામ | ૧૩૭૧૮ | -- | ૩૯૯૮ | ૧૭૦૫ | ૭૧૪ | ૧૦૭૧ | ૭૮૩ | ૫૪૪૪ | ૧૧૬ | ૫૫૬૦ |
| | કુલ | ૧૯૫૭૬૨૯ | ૩૦૬૭૭૦ | ૪૧૨૪૯૯ | ૭૩૬૯૭ | ૭૦૦૫૮ | ૩૩૯૦૦૦ | ૭૫૬૬૯ | ૬૭૯૯૩૬ | ૪૭૭૯૭ | ૭૨૭૭૩૩ |

સ્ત્રોત: જિલ્લાની આંકડાકીય રૂપરેખા, કચ્છ જિલ્લા પંચાયત, વર્ષ ૨૦૧૫-૧૬

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં તાલુકાવાર જમીન વપરાશની તરેહ મૂજબ વર્ગીકરણ કરવામાં આવેલ છે જેમાં જોવા મળે છે કે ભુજ તાલુકો વિસ્તારની દ્રષ્ટીએ સૌથી મોટો છે જે ૪૫૮૧૨૩ હેક્ટરમાં છે જયારે ગાંધીધામ તાલુકો સૌથી નાનો તાલુકો છે જે ૧૩૭૧૮ હેકટરમાં છે. અબડાસા તાલુકામાં અન્ય તાલુકાની તુલનાએ સૌથી વધુ જંગલ વિસ્તાર ૭૧૮૨૪ હેક્ટર આવેલ છે જયારે ગાંધીધામ તાલુકામાં જંગલ વિસ્તાર શૂન્ય(૦) છે.

પડતર અને બિન-ખેડાણ લાયક જમીન સૌથી વધુ નખત્રાણા તાલુકામાં ૭૩૧૧૫ હેકટર છે જયારે ઓછી જમીન ગાંધીધામમાં છે. બિન-કૃષિ ઉપયોગમાં લેવાતી

કુલ નોંધાયેલ વિસ્તારના ૩.૭૬ ટકા છે આવી જમીનનો વધુ પ્રમાણ ભુજમાં ૨૧૯૯૮ હેકટર છે અને ઓછુ પ્રમાણ ગાંધીધામમાં ૧૭૦૫ હેક્ટર છે. અબડાસા તાલુકામાં સૌથી વધુ કાયમી ગૌચાર જમીન ૧૩૦૨૩ હેક્ટર છે જયારે ગાંધીધામમાં ૭૧૪ હેક્ટર છે. ચોખ્ખુ વાવેતર વિસ્તાર કુલ નોંધાયેલ વિસ્તારમાં ૩૪.૭૩ ટકા છે જે પૈકી રાપર તાલુકામાં સૌથી વધુ ચોખ્ખુ વાવેતર વિસ્તાર ૧૩૨૯૪૭ હેકટર છે જયારે ગાંધીધામમાં આ પ્રમાણ ૫૪૪૪ હેક્ટર છે જે સમગ્ર જિલ્લાના અન્ય તાલુકાની તુલનાએ ઓછુ છે. જિલ્લામાં કુલ નોંધાયેલ વિસ્તારમાંથી ચોખ્ખા વાવેતર વિસ્તારનો પ્રમાણ ખુબ જ ઓછુ જોવા મળે છે. એક થી વધુ વખત વાવેતર હેઠળનો વિસ્તાર માત્ર ૨.૪૪ ટકા છે જે પ્રમાણમાં ઘણું જ ઓછો જોવા મળે છે.

**કોષ્ટક ૨ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ મુજબ ગ્રામીણ વિસ્તારોમાં જમીન ઉપયોગનો વર્ગીકરણ**

| ક્રમ | તાલુકા | વસ્તીવાળા ગામોની સંખ્યા | કુલ વિસ્તાર (હેકટરમાં) | કુલ વિસ્તારમાંથી ખેડાણ લાયક વિસ્તારનો ટકાવારી પ્રમાણ | કુલ ખેડાણ વિસ્તારમાંથી સિંચિત વિસ્તારનો ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧ | લખપત | ૮૬ | ૧૮૨૪૦૯.૮૫ | ૧૯.૯૭ | ૧૩.૨૬ |
| ૨ | રાપર | ૯૭ | ૨૯૭૧૮૩.૯૯ | ૪૯.૨૨ | ૮.૨૩ |
| ૩ | ભચાઉ | ૬૯ | ૧૮૮૬૯૨.૧૯ | ૫૬.૭૭ | ૧૮.૬૮ |
| ૪ | અંજાર | ૬૬ | ૧૦૯૫૩૨.૪૬ | ૫૦.૭૭ | ૧૬.૭૮ |
| ૫ | ભુજ | ૧૪૯ | ૨૩૦૯૪૧.૧૫ | ૪૪.૫૯ | ૨૮.૫૮ |
| ૬ | નખત્રાણા | ૧૨૦ | ૧૮૪૯૧૬.૨૩ | ૩૨.૩૩ | ૩૮.૩૮ |
| ૭ | અબડાસા | ૧૩૩ | ૨૩૮૬૬૧.૨૫ | ૩૫.૪૭ | ૧૧.૬૩ |
| ૮ | માંડવી | ૯૨ | ૧૩૭૭૭૫.૮૪ | ૫૫.૨૦ | ૧૯.૬૬ |
| ૯ | મુન્દ્રા | ૫૯ | ૮૪૭૪૧.૭૭ | ૫૦.૯૩ | ૨૨.૫૮ |
| ૧૦ | ગાંધીધામ | ૦૬ | ૧૨૪૪૦.૯૮ | ૪૪.૩૮ | ૧૮.૬૯ |
| ૧૧ | કુલ | ૮૭૭ | ૧૬૬૭૨૯૫.૭૧ | ૪૩.૦૪ | ૧૮.૭૦ |

સ્રોત:- District Census Handbook, Kachchh. 2011

પ્રસ્તુત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧માં તાલુકાવાર ગ્રામીણ વિસ્તારોનો જમીન ઉપયોગ મુજબ વર્ગીકરણ રજુ કરવામાં આવેલ છે. કચ્છમાં કુલ વિસ્તારમાંથી

૧૬૬૭૨૯૫.૭૧(૮૫.૧૭ ટકા) હેક્ટર વિસ્તાર ગ્રામીણ વિસ્તાર છે જેમાંથી રાપર તાલુકામાં સૌથી વધુ ૨૯૭૧૮૩.૯૯ હેકટર વિસ્તાર આવેલ છે જયારે ગાંધીધામમાં માત્ર ૧૨૪૪૦.૯૮ હેક્ટર વિસ્તાર છે જે સૌથી ઓછુ છે.

કુલ વિસ્તારમાંથી ખેડાણ લાયક વિસ્તારનો ટકાવારી પ્રમાણ કચ્છમાં ૪૩.૦૪ છે. આ પ્રમાણને તાલુકોમાં જોઈએ તો સૌથી વધુ ૫૬.૭૭ ટકા ભચાઉ તાલુકામાં છે જયારે ઓછુ પ્રમાણ ૧૯.૯૭ છે જે લખપત તાલુકામાં છે. કુલ ખેડાણ લાયક વિસ્તારમાંથી સિંચિત વિસ્તારનો ટકાવારી પ્રમાણ કચ્છમાં ૧૮.૭ ટકા છે જેને તાલુકાવાર ચકાસીએ તો સૌથી વધુ સિંચિત વિસ્તાર ૩૮.૩૮ ટકા નખત્રાણા તાલુકામાં છે અને સૌથી ઓછુ ૮.૨૩ ટકા રાપર તાલુકામાં છે.

**કોષ્ટક ૩ કચ્છ જિલ્લામાં ખેત જમીન ધરાવતી વસ્તીનું વર્ગીકરણ**

| માહિતીનું પ્રકાર | સીમાંત ખેડૂત (૧ હેક્ટર થી ઓછી) | નાના ખેડૂત (૧ થી ૨ હેક્ટર) | અન્ય (૨ હેક્ટરથી વધુ) | કુલ |
|---|---|---|---|---|
| સંખ્યા | ૨૭૩૪૬ (૧૨.૯૦) | ૫૫૧૫૯ (૨૬.૧૦) | ૧૨૯૧૨૪ (૬૧.૦૦) | ૨૧૧૬૨૯ |
| વિસ્તાર (હેકટરમાં) | ૧૬૭૦૦ (૨.૨) | ૮૧૩૪૫ (૧૦.૧૦) | ૭૦૪૭૮૭ (૮૭.૮૦) | ૮૦૨૮૩૨ |
| નોંધ કૌંસમાં આપેલ આંકડા કુલનો ટકાવારી પ્રમાણ દર્શાવે છે. | | | | |

સ્ત્રોત:- DISTRICT INDUSTRIAL POTENTIALITY SURVEY REPORT OF KUTCH DISTRICT, 2016-17

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં ખેત જમીન ધરાવતી વસ્તીનું વર્ગીકરણ દર્શાવવામાં આવેલ છે જે જોતા માલુમ પડે છે કે ૨૧૧૬૨૯ લોકો પાસે પોતાની માલિકીની ૮૦૨૮૩૨ હેક્ટર જમીન છે. કચ્છમાં સીમાંત ખેડૂતો ૨૭૩૪૬ છે કુલ જમીન ધરાવતી વસ્તીના પ્રમાણમાં ૧૨.૯ ટકા છે જયારે નાના ખેડૂતો ૫૫૧૫૯ છે જેનું ટકાવારી પ્રમાણ ૨૬.૧ ટકા છે અને ૨ હેક્ટર થી વધુ જમીન ધરાવટી વસ્તી ૬૧ટકા છે.

સીમાંત ખેડૂતો પાસે કુલ ૧૬૭૦૦ હેક્ટર જમીન છે જે ૨.૧ ટકા જેટલી છે જયારે નાના ખેડૂતો પાસે ૮૧૩૪૫ હેક્ટર જમીન છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦.૧ ટકા છે અને ૨

હેક્ટર થી વધુ જમીન ધરાવતા ખેડૂતો પાસે ૭૦૪૭૮૭ હેક્ટર જમીન છે જે ૮૭.૮ટકા જેટલી છે.

જિલ્લામાં સીમંત અને નાના ખેડૂતો ૩૮.૯૯ ટકા છે જેમની પાસે ૧૨.૨૦ ટકા વિસ્તાર છે. જે દર્શાવે છે કે કચ્છ જિલ્લામાં જમીન વહેચણીની અસમાનતા છે.

**કોષ્ટક ૪ કચ્છ જિલ્લામાં વરસાદનું તાલુકાવાર અને વર્ષવાર વર્ગીકરણ**

| તાલુકા | ૨૦૧૧-૧૨ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|---|---|
| | વરસાદ (મી.મી.માં) | વરસાદના દિવસ | વરસાદ (મી.મી.માં) | વરસાદના દિવસ | વરસાદ (મી.મી.માં) | વરસાદના દિવસ |
| લખપત | ૫૭૬ | ૧૯ | ૧૮૯ | ૧૮ | ૪૩૪ | ૯ |
| રાપર | ૧૯૪૫ | ૩૦ | ૮૬૫ | ૨૫ | ૬૩૩ | ૧૧ |
| ભચાઉ | ૧૮૭૯ | ૨૬ | ૯૫૧ | ૨૪ | ૬૮૪ | ૧૫ |
| અંજાર | ૮૩૪ | ૨૮ | ૭૯૬ | ૨૭ | ૮૯૯ | ૧૩ |
| ભુજ | ૧૧૮૨ | ૩૫ | ૪૭૨ | ૨૮ | ૫૯૧ | ૪ |
| નખત્રાણા | ૯૪૭ | ૧૯ | ૩૩૦ | ૧૫ | ૬૪૧ | ૧૭ |
| અબડાસા | ૮૬૮ | ૧૮ | ૩૪૯ | ૧૭ | ૨૩૮ | ૧૧ |
| માંડવી | ૧૦૬૩ | ૩૦ | ૬૩૦ | ૩૫ | ૪૦૬ | ૧૦ |
| મુન્દ્રા | ૧૦૮૦ | ૨૪ | ૯૪૬ | ૨૭ | ૨૮૮ | ૯ |
| ગાંધીધામ | ૧૧૯૨ | ૨૯ | ૭૬૫ | ૨૪ | ૪૫૦ | ૧૩ |
| સરેરાશ | ૧૧૫૭ | ૨૬ | ૬૨૯ | ૨૪ | ૫૨૬ | ૧૧ |

સ્ત્રોત: જિલ્લાની આંકડાકીય રૂપરેખા, કચ્છ. વર્ષ ૨૦૧૧-૧૨,૨૦૧૩-૧૪ અને ૨૦૧૫-૧૬

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વરસાદનું તાલુકાવાર અને વર્ષવાર વર્ગીકરણદર્શાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૧-૧૨માં કચ્છ જિલ્લામાં ૨૬ દિવસમાં ૧૧૫૬ મિલીમીટર વરસાદ પડયો હતો જયારે વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૪ દિવસમાં વરસાદ ઘટીને ૬૨૯ મિલીમીટર પડયો હતો અને વર્ષ ૨૦૧૫-૧૬માં વરસાદના માત્ર ૧૧ દિવસ હતા જેમાં ૫૨૬ મિલીમીટર વરસાદ થયો હતો.

તાલુકાવાર વર્ગીકારણ જોઈએ તો વર્ષ ૨૦૧૧-૧૨માં સૌથી વધુ વરસાદ રાપર તાલુકામાં ૩૦ વરસાદના દિવસમાં ૧૯૪૫ મિલીમીટર પડયો હતો જયારે ઓછુ વરસાદ લખપત તાલુકામાં ૧૯ વરસાદના દિવસમાં માત્ર ૫૭૬ મિલીમીટર છે જયારે વર્ષ ૨૦૧૩-૧૪માં સૌથી વધુ વરસાદ ભચાઉ તાલુકામાં ૨૪ વરસાદના દિવસોમાં ૯૫૧ મિલીમીટર છે અને ઓછુ વરસાદ લખપત તાલુકામાં ૧૮ વરસાદના દિવસમાં ૧૮૯ મિલીમીટર છે અને વર્ષ ૨૦૧૫-૧૬માં વધુ વરસાદનો પ્રમાણ ૮૯૯ મિલીમીટર ૧૩ વરસાદના દિવસમાં અંજાર તાલુકામાં છે જયારે ઓછુ પ્રમાણ ૨૩૮ મિલીમીટર ૧૧ વરસાદના દિવસમાં અબડાસા તાલુકામાં છે.

**કોષ્ટક ૫ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ પાકોના વાવેતર વિસ્તારનો વર્ગીકરણ**

| ક્રમ | તાલુકા | વિસ્તાર હેકટરમાં | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર | ઘઉં | બજારી (ખ.+ ર.) | કુલ ખાદ્ય અનાજ | મંગ | મઠ | કુલઅખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર |
| ૧ | અબડાસા | ૩૦૭૩૫ | ૧૨૩૦૦ | ૭૮૭ | ૧૩૦૮૭ | ૧૭૬૪૮ | ૦ | ૫૩૩૫૩ |
| ૨ | અંજાર | ૫૨૪૦ | ૧૧૯૦ | ૫૦ | ૧૨૪૦ | ૪૦૦૦ | ૦ | ૪૫૯૫૦ |
| ૩ | ભચાઉ | ૧૫૧૮૪ | ૧૧૮૦ | ૨૮૨૩ | ૪૦૦૩ | ૮૪૪૦ | ૨૫૨૫ | ૬૦૦૯૩ |
| ૪ | ભુજ | ૧૨૧૪૦ | ૨૮૧૫ | ૩૨ | ૨૮૪૭ | ૯૨૯૩ | ૦ | ૪૪૪૯૩ |
| ૫ | લખપત | ૧૪૯૭ | ૩૮૮ | ૧૭ | ૪૦૫ | ૧૦૮૪ | ૮ | ૬૮૫૫ |
| ૬ | માંડવી | ૧૨૮૮૬ | ૩૯૭૫ | ૪૨૭ | ૪૪૦૨ | ૮૪૮૪ | ૦ | ૫૬૪૦૫ |
| ૭ | મુન્દ્રા | ૫૨૭૬ | ૧૫૦૮ | ૧૪૭ | ૧૬૫૫ | ૩૬૨૧ | ૦ | ૨૪૮૨૮ |
| ૮ | નખત્રાણા | ૮૩૦૪ | ૩૧૬૭ | ૧૦ | ૩૧૭૭ | ૫૦૮૭ | ૪૦ | ૪૯૨૨૨ |
| ૯ | રાપર | ૩૮૩૨૫ | ૩૪૫૯ | ૧૩૦૬૨ | ૧૬૫૨૧ | ૧૨૯૪૫ | ૮૮૫૯ | ૪૬૮૬૭ |
| ૧૦ | ગાંધીધામ | ૯૩૨ | ૫૬ | ૩૨૬ | ૩૮૨ | ૫૫૦ | ૦ | ૬૮૫૫ |
| | કુલ | ૧૩૦૫૧૯ | ૩૦૦૩૮ | ૧૭૬૮૧ | ૪૭૭૧૯ | ૭૧૧૫૨ | ૧૧૪૩૨ | ૩૯૧૨૯૮ |

સ્ત્રોત: જિલ્લાની આંકડાકીય રૂપરેખા, કચ્છ જિલ્લા પંચાયત, ૨૦૧૫-૧૬

પ્રસ્તુત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ તાલુકાવાર ધાન્ય પાકોનું વાવેતર વિસ્તારનું વર્ગીકરણ દર્શાવવામાં આવેલ છે. કચ્છ જિલ્લામાં અખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૩૯૧૨૯૮ (કુલ વાવેતર વિસ્તારના ૫૩.૭૭ ટકા) છે જ્યારે ખાદ્ય પાકોનું કુલ વાવેતર વિસ્તાર ૧૩૦૫૧૯ (કુલ વાવેતર વિસ્તારના ૧૭.૯૪ ટકા) હેક્ટર છે જેમાંથી ઘઉં ૩૦૦૩૮ હેક્ટર અને બાજરી ખરીફ અને રવિ ૧૭૬૮૧ હેક્ટર છે જે કુલ ખાદ્ય અનાજનો સરવાળો ૪૭૭૧૯ થાય છે. કચ્છમાં મંગ ૭૧૧૫૨ હેકટરમાં અને મઠ ૧૧૪૩૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે.

તાલુકાવાર જોઈએ તો ધાન્ય પાકનું વાવેતર વિસ્તાર સૌથી વધુ ૩૮૩૨૫ હેક્ટર છે જે રાપર તાલુકામાં છે જેમાં ઘઉં ૩૪૫૯ હેકટરમાં અને બાજરી ૧૩૦૬૨ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, જ્યારે સૌથી ઓછુ ધાન્ય પાકોનું વાવેતર વિસ્તાર માત્ર ૯૩૨ છે જે ગાંધીધામ તાલુકામાં છે જેમાં ઘઉંનો વાવેતર વિસ્તાર ૫૬ હેક્ટર અને બાજરી ૩૨૬ હેકટરમાં થાય છે. કુલ ખાદ્ય અનાજનો સૌથીવધુ વાવેતર રાપરમાં ૧૬૫૨૧ હેક્ટર છે જ્યારે ઓછુ પ્રમાણ ૩૮૨ ગાંધીધામમાં છે તેના પછી લખપતમાં ૪૦૫ હેક્ટર છે. અબડાસા તાલુકામાં મંગનો સૌથી વધુ વાવેતર ૧૭૬૪૮ હેકટરમાં છે જ્યારે ગાંધીધામમાં સૌથી ઓછુ ૫૫૦ હેકટરમાં છે. વાલનો વાવેતર વિસ્તાર એકપણ તાલુકામાં વર્ગીકૃત થયેલ નથી જ્યારે મઠનો ત્રણ(૩) તાલુકામાં વાવેતર થયેલ છે જે રાપર, ભચાઉ અને નખત્રાણામાં છે.

**કોષ્ટક ૬ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ મુખ્ય પાકોના કુલ ઉત્પાદન પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | પાક | વિસ્તાર ( હેકટરમાં) | ઉત્પાદન (હેક્ટર દીઠ કિ.ગ્રા.માં) |
|---|---|---|---|
| ૧ | બાજારી | ૧૭૬૮૧ | ૧૨૨૨ |
| ૨ | ઘઉં | ૩૦૦૩૮ | ૨૯૮૫ |
| ૩ | ઉનાળુ બાજરી | ૨૨૬૭ | N.A |
| ૪ | મંગ | ૭૧૧૫૨ | N.A |
| ૫ | મઠ | ૧૧૪૩૨ | N.A |
| ૬ | મગફળી (ખ) | ૨૬૮૩૫ | ૧૮૮૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | મગફળી (૨) | ૭૭૦૮ | ૨૪૩૪ |
| ૮ | એરંડા | ૧૧૯૩૩૩ | ૨૦૬૬ |
| ૯ | તલ | ૫૪૨૯૭ | ૬૦૩ |
| ૧૦ | રાઈ | ૯૬૫૬ | ૧૬૦૧ |
| ૧૧ | બટેટા | ૫૭ | N.A |
| ૧૨ | જીરું | ૩૩૧૨૫ | ૫૯૦ |
| ૧૩ | ડુંગરી | ૪૨૬ | N.A |
| ૧૪ | શેરડી | ૯૦ | N.A |
| ૧૫ | ગુવાર | ૧૧૦૯૮૩ | ૬૭૮ |
| ૧૬ | ઇસબગુલ | ૪૭૨૦ | ૭૩૧ |
| ૧૭ | કપાસ | ૪૪૪૪૫૫ | ૨૩૩૮ |

સ્રોત: જિલ્લાની આંકડાકીય રૂપરેખા, કચ્છ જિલ્લા પંચાયત, ૨૦૧૫-૧૬

પ્રસ્તુત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ મુખ્ય પાકોના કુલ ઉત્પાદન પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવેલ છે. કપાસનો વાવેતર વિસ્તાર ૪૪૪૪૫૫ (૬૧.૦૭ ટકા) હેક્ટર છે જે સૌથી વધુ છે ત્યારબાદમાં એરંડા ૧૧૯૩૩૩ (૧૬.૪૦ ટકા) હેકટરમાં છે જયારે સૌથી ઓછુ વાવેતર વિસ્તાર બટેટા ૫૭ હેકટરમાં છે તેના પછી શેરડીનું વાવેતર ૯૦ હેકટરમાં છે અને કચ્છમાં સોયાબીન નો વાવેતર વિસ્તાર ૨૦૧૫-૧૬માં શૂન્ય(૦) છે. હેક્ટર દીઠ ઉત્પાદન જોઈએ તો સૌથી વધુ ઘઉંનો ૨૯૮૫ કિલોગ્રામ છે જેનો વાવેતર વિસ્તાર ૩૦૦૩૮ હેક્ટર છે, જીરાની સૌથી ઓછી ઉત્પાદક્તા ૫૯૦ કિલોગ્રામ છે. ઉનારું બાજરી, મંગ, મઠ, બટેટા, ડુંગરી અને શેરડીના ઉત્પાદનના આંકડા પ્રાપ્ય નથી થયા.

**કોષ્ટક ૭ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ મુજબ ફળોના વાવેતર વિસ્તારનો વર્ગીકરણ**

| ક્રમ | ફળનું નામ | વિસ્તાર (હેકટરમાં) | ઉત્પાદન (મી.ટનમાં) |
|---|---|---|---|
| ૧ | કેરી | ૯૧૬૫ | ૭૮૩૬૧ |
| ૨ | આમળા | ૩૦ | ૨૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ચીકુ | ૧૫૨૪ | ૧૭૧૪૫ |
| ૪ | કેળા | ૧૯૫૭ | ૧૦૧૭૬૪ |
| ૫ | જામફળ | ૫૧૦ | ૮૧૮૦ |
| ૬ | દાડમ | ૩૩૩૭ | ૪૬૭૧૮ |
| ૭ | ખારેક | ૧૬૩૮૫ | ૧૭૦૦૯૭ |
| ૮ | પપૈયા | ૩૫૪૨ | ૨૯૯૮૩૦ |
| ૯ | બેર | ૫૦૩ | ૪૬૫૩ |
| ૧૦ | મોસંબી/સંતરું/લીંબુ | ૪૮૮ | ૩૮૯૪ |
| ૧૧ | સીતાફળ | ૮ | ૫૦ |
| ૧૨ | કાજુ | ૧૦૫ | ૩૬૪ |
| ૧૩ | નારીયલ | ૯૮૫ | ૮૩૮૨ |
| ૧૪ | અન્ય | ૨૨૮ | ૧૮૨૪ |
| | કુલ | ૩૮૭૬૭ | ૭૨૪૭૫૨ |

સ્રોત:- DISTRICT INDUSTRIAL POTENTIALITY SURVEY REPORT OF KUTCH DISTRICT, 2016-17

પ્રસ્તુત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ મુજબ ફળોના વાવેતર વિસ્તારનો વર્ગીકરણ દર્શાવવામાં આવેલ છે. કચ્છમાં કુલ ફળોનું વાવેતર વિસ્તાર ૩૮૭૬૭ (કુલ વાવેતર વિસ્તારના ૫.૩૨ ટકા) હેકટર છે જયારે ઉત્પાદન ૭૨૪૭૫૨ મિલિયન ટન છે. ખારેકનું વાવેતર વિસ્તાર ૧૬૩૮૫ છે જે સૌથી વધુ છે ત્યારબાદ કેરીનું વાવેતર ૯૧૬૫ હેક્ટર વિસ્તારમાં કરવામાં આવે છે, કચ્છમાં સૌથી ઓછુ વાવેતર વિસ્તાર સીતાફળનો ૮ હેકટરમાં થાય છે ત્યારબાદ આમળા છે જેનું વાવેતર વિસ્તાર ૩૦ હેક્ટર છે. સૌથી વધુ ઉત્પાદન પપૈયાનું છે જે ૨૯૯૮૩૦ મિલિયન ટનમાં છે અને વાવેતર વિસ્તાર ૩૫૪૨ હેક્ટર છે જયારે સૌથી ઓછુ ઉત્પાદન ૫૦ મિલિયન ટન સીતાફળનું છે ત્યારબાદ આમળા ૨૫૪ મિલિયન ટન છે.

**કોષ્ટક ૮ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ મુજબ શાકભાજીના વાવેતરનું વર્ગીકરણ**

| ક્રમ | શાકભાજીનું નામ | વિસ્તાર(હેકટરમાં | ઉત્પાદન (મી.ટનમાં) |
|---|---|---|---|
| ૧ | બટેટા | ૧૦૦ | ૧૮૨૫ |
| ૨ | ડુંગરી | ૩૦૦ | ૬૯૬૦ |
| ૩ | રીંગણ | ૨૯૧૩ | ૫૧૯૯૭ |
| ૪ | કોબીજ | ૧૦૪૧ | ૧૬૬૫૬ |
| ૫ | ભીંડા (ઓક્રા) | ૧૧૯૬ | ૧૦૦૪૬ |
| ૬ | ટામેટાં | ૧૭૮૪ | ૪૭૩૪૭ |
| ૭ | ફુલાવર | ૬૫૭ | ૧૦૪૧૩ |
| ૮ | ગુવાર | ૯૯૨ | ૧૦૨૬૭ |
| ૯ | કાકડી | ૩૫૯૨ | ૫૪૦૬૦ |
| ૧૦ | ચોળા | ૧૭૫ | ૨૨૯૩ |
| ૧૧ | અન્ય | ૧૫૫૬ | ૨૮૭૨૪ |
| | કુલ | ૧૪૩૦૬ | ૨૪૦૫૮૮ |

સ્ત્રોત:- DISTRICT INDUSTRIAL POTENTIALITY SURVEY REPORT OF KUTCH DISTRICT, 2016-17

પ્રસ્તુત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ મુજબ શાકભાજીના વાવેતરનું વર્ગીકરણ દર્શાવવામાં આવેલ છે. કચ્છમાં શાકભાજીનું કુલ વાવેતર વિસ્તાર ૧૪૩૦૬ (કુલ વાવેતર વિસ્તારના ૧.૯૭ ટકા) હેક્ટર છે અને કુલ ઉત્પાદન ૨૪૦૫૮૮ મિલિયન ટન છે. કચ્છમાં સૌથી વધુ વાવેતર કાકડીનું ૩૫૯૨ હેકટરમાં થયેલ છે જેનું ઉત્પાદન ૫૪૦૬૦ મિલિયન ટન છે ત્યાર પછી રીંગણનું ૨૯૧૩ હેકટરમાં છે અને ઉત્પાદન ૫૧૯૯૭ મિલિયન ટન છે, સૌથી ઓછુ શાકભાજીનું વાવેતર વિસ્તાર બટેટાનું છે જે ૧૦૦ હેકટરમાં છે જેનું ઉત્પાદન ૧૮૨૫ મિલિયનટન છે ત્યારપછી ૧૭૫હેકટરમાં ચોળા છે જેનું ઉત્પાદન ૨૨૯૩મિલિયન ટન છે.

**કોષ્ટક ૯ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ સિંચાઈની માધ્યમ અને નાની યોજનાઓનો તાલુકાવાર વર્ગીકરણ**

| ક્રમ | તાલુકા | સિંચાઈની કુલ યોજનાઓ (માધ્યમ અને નાની) | | |
|---|---|---|---|---|
| | | સંખ્યા | ક્ષમતા (M.Cubic Mtr.) | વિસ્તાર (હેકટરમાં) |
| ૧ | લખપત | ૨૦ | ૮૬.૧૦ | ૬૧૩૦ |
| ૨ | ભુજ | ૩૯ | ૧૧૭.૨૦ | ૯૨૪૨ |
| ૩ | મુન્દ્રા | ૧૨ | ૪૦.૧૧ | ૪૫૩૪ |
| ૪ | ભચાઉ | ૧૮ | ૨૭.૧૪ | ૩૩૧૧ |
| ૫ | અબડાસા | ૨૮ | ૮૭.૫૪ | ૯૫૨૪ |
| ૬ | અંજાર | ૧૨ | ૨૦.૫૦ | ૨૩૭૯ |
| ૭ | માંડવી | ૨૨ | ૭૪.૪૨ | ૭૬૯૬ |
| ૮ | રાપર | ૧૮ | ૪૬.૦૪ | ૪૮૦૬ |
| ૯ | નખત્રાણા | ૨૦ | ૮૧.૧૪ | ૭૯૮૭ |
| | કુલ | ૧૮૯ | ૫૮૦.૧૯ | ૫૫૬૦૯ |

સ્રોત:- DISTRICT INDUSTRIAL POTENTIALITY SURVEY REPORT OF KUTCH DISTRICT, 2016-17

પ્રસ્તુત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ સિંચાઈની માધ્યમ અને નાની યોજનાઓનો તાલુકાવાર વર્ગીકરણ દર્શાવવામાં આવેલ છે. કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ ૧૮૯ નાની અને મધ્યમ સિંચાઈની યોજનાઓ અમલમાં છે જેની ક્ષમતા ૫૮૦.૧૯ મિલિયન ક્યુબીક મીટર છે અને ૫૫૬૦૯ (કુલ વાવેતર વિસ્તારના ૭.૬૪ ટકા) હેકટર વિસ્તારને આવરી લે છે. સૌથી વધુ સિંચાઈની યોજનાઓ ભુજ તાલુકામાં ૩૯ છે જે ૧૧૭.૨ મિલિયન ક્યુબીક મીટર ક્ષમતાની છે અને ૯૨૪૨ હેકટર વિસ્તારને આવરી લે છે. જયારે મુન્દ્રા અને અંજાર તાલુકામાં સૌથી ઓછી ૧૨ સિંચાઈની યોજનાઓ છે જે અનુક્રમે ૪૦.૧૧ અને ૨૦.૫ મિલિયન ક્યુબીક મીટરની ક્ષમતાની છે અને ૪૫૩૪ અને ૨૩૭૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે.

**કોષ્ટક ૧૦ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં પાકવાર અને તાલુકાવાર એકંદર સિંચિત વિસ્તારનું વર્ગીકરણ**

| તાલુકા | વિસ્તાર હેકટરમાં | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ ખાદ્ય પાકો | કપાસ | મગફળી | રાયડો | ઘાસચારો | કુલ અખાદ્ય પાકો | તલ, રાઈ, ઇસબગુલ | એકંદર સિંચિત વિસ્તાર | ઘઉં | બાજરી (ખ.ર.) | કુલ અનાજ પાકો | કુલ કઠોળ |
| અબડાસા | ૨૩૬૩ | ૬૫૨૮ | ૨૩૪૯ | ૧૦૮૨૫ | ૧૭૬૫ | ૨૦૪૪૯ | ૧૩૩૧ | ૧૨૪૦૩ | ૧૨૩૦૦ | ૮૯ | ૧૨૩૮૯ | ૧૪ |
| અંજાર | ૧૫૭૫ | ૪૦૫૦ | ૧૨૫૦ | ૧૨૦૦ | ૬૨૦૦ | ૨૨૨૫૦ | ૧૩૫ | ૫૫૧૦ | ૧૧૯૦ | ૨૫૦ | ૧૪૪૦ | ૩૨૫ |
| ભચાઉ | ૧૭૨૯ | ૧૩૧૫ | ૧૪૯૦ | ૧૫૪૨૫ | ૩૧૪૯ | ૨૧૩૨૨ | ૧૫૦૨ | ૫૧૭૬ | ૧૧૮૦ | ૪૩૮ | ૧૬૧૮ | ૨૩૯ |
| ભુજ | ૩૨૬૨ | ૬૧૬૫ | ૨૪૧૨ | ૧૬૭૬૫ | ૪૬૫૦ | ૨૮૯૧૪ | ૧૫૪૩ | ૪૫૯૧ | ૨૮૧૫ | ૧૭૬ | ૨૯૯૧ | ૮૫૦ |
| લખપત | ૧૬૧૧ | ૧૦૩ | ૧૬૧૧ | ૨૨૪૨ | ૫૬૭ | ૩૮૩૧ | ૯૧૯ | ૩૮૮ | ૩૮૮ | ૦ | ૩૮૮ | ૦ |
| માંડવી | ૯૭૫૫ | ૧૨૫૪૯ | ૯૪૨૪ | ૮૬૬૪ | ૭૩૨૪ | ૨૯૮૦૭ | ૧૨૭૯ | ૫૬૬૦ | ૩૯૭૫ | ૧૦૧૯ | ૪૯૯૪ | ૩૩૧ |
| મુન્દ્રા | ૭૦૧ | ૩૪૦૫ | ૨૮૭ | ૫૨૨૬ | ૨૫૩૩ | ૧૧૨૩૦ | ૩૫૩ | ૨૬૪૭ | ૧૫૦૮ | ૨૩૭ | ૧૪૫ | ૪૧૪ |
| નખત્રાણા | ૬૮૮૯ | ૯૦૦૮ | ૬૮૧૫ | ૨૨૭૫૪ | ૪૩૬૫ | ૩૮૨૫૬ | ૧૫૬૫ | ૩૨૪૭ | ૩૧૬૭ | ૨ | ૩૧૬૯ | ૭૪ |
| રાપર | ૧૨૨૧ | ૧૩૦૨ | ૧૧૯૭ | ૨૫૧૦૭ | ૩૧૬૧ | ૩૫૪૮૪ | ૩૭૯૮ | ૨૮૦૧૦ | ૩૪૫૯ | ૫૧ | ૩૫૧૦ | ૨૪ |
| ગાંધીધામ | ૫ | ૩૦ | ૦ | ૩૦૫ | ૨૧૧ | ૫૪૬ | ૦ | ૭૪ | ૫૬ | ૫ | ૬૧ | ૫ |
| કુલ | ૨૯૧૧૧ | ૪૪૪૫૫ | ૨૬૮૩૫ | ૧૦૮૫૩૩ | ૩૩૯૨૫ | ૨૧૨૦૮૯ | ૧૨૪૨૫ | ૬૭૭૦૬ | ૩૦૦૩૮ | ૨૨૬૭ | ૩૦૭૦૫ | ૨૨૭૬ |

સ્રોત: જિલ્લાની આંકડાકીય રૂપરેખા, કચ્છ જિલ્લા પંચાયત, ૨૦૧૫-૧૬

ઉપરોકત કોષ્ટકમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં પાકવાર અને તાલુકાવાર એકંદર સિંચિત વિસ્તારનું વર્ગીકરણ દાર્શાવવામાં આવેલ છે. જિલ્લામાં કુલ ખાદ્ય પાકોનો ૨૯૧૧૧ (કુલ વાવેતર વિસ્તારના ૪.૦૦ ટકા) હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા છે. માંડવી તાલુકામાં કુલ ખાદ્ય પાકોનું સિંચિત વિસ્તાર ૯૭૫૫ હેકટર છે જે સૌથી વધુ છે જયારે ગાંધીધામમાં ૫ હેક્ટર વિસ્તાર છે જે સૌથી ઓછુ છે. કપાસ અને મગફળીનો સિંચિત વિસ્તાર માંડવીમાં અનુક્રમે ૧૨૫૪૯ અને ૯૪૨૪ હેકટર છે જે સૌથી વધુ છે જયારે ગાંધીધામમાં આ પાકો માટે સિંચિત વિસ્તાર ઓછુ છે. કુલ અખાદ્ય પાકોનો સૌથી વધુ સિંચિત વિસ્તાર રાપર તાલુકામાં ૩૫૪૮૪ હેક્ટર છે જયારે સૌથી ઓછુ ગાંધીધામ સિવાય લખપત તાલુકામાં ૩૮૩૧ હેક્ટર વિસ્તાર છે. કચ્છમાં એકંદર સિંચિત વિસ્તાર ૬૭૭૦૬ (કુલ વાવેતર વિસ્તારના ૯.૩૦ ટકા) હેક્ટર છે જે પૈકી સૌથી વધુ રાપર તાલુકામાં ૨૮૦૧૦ હેક્ટર છે જે લગભગ કચ્છનું અડધા ભાગનું છે. અબડાસા

તાલુકામાં ઘઉંનું  સિંચિત વિસ્તાર ૧૨૩૦૦ હેકટર છે જે તાલુકાવાર સૌથી વધુ છે જયારે ગાંધીધામ સિવાય લખપતમાં સૌથી ઓછુ સિંચિત વિસ્તાર છે. બાજરીનું સૌથી વધુ સિંચિત વિસ્તાર માંડવીમાં ૧૦૧૯ હેક્ટર છે. અનાજના પાકો હેઠળનું કુલ સિંચિત વિસ્તાર કચ્છમાં ૩૨૩૦૫ હેક્ટર છે જે પૈકી અબડાસા તાલુકામાં સૌથી વધુ વિસ્તાર ૧૨૩૮૯ હેક્ટર છે જયારે ગાંધીધામ સિવાય લખપત તાલુકામાં સૌથી ઓછુ ૩૮૮ હેક્ટર વિસ્તાર છે. કચ્છમાં કઠોળ હેઠળનો સિંચિત વિસ્તાર ૨૨૭૬ હેક્ટર છે જે પૈકી ભુજ તાલુકામાં ૮૫૦ હેક્ટર વિસ્તાર છે જે સૌથી વધુ છે. જયારે ગાંધીધામ, લખપત અને અબડાસામાં અનુક્રમે ૦૫, ૦૦ અને ૧૪ હેક્ટર છે જે સૌથી ઓછુ છે.

ઉપરોક્ત અભ્યાસના નિચોડરૂપે તારણો જોઈએ તો જોવા મળે છે કે જિલ્લાના કુલ વિસ્તારમાંથી ૩૭.૧૭ ટકા વિસ્તાર વાવેતર હેઠળ છે જયારે ચોખ્ખુ વાવેતર વિસ્તાર ૩૪.૭૩ ટકા છે અને વર્ષમાં એક થી વધારે વખત વાવેતર થતું હોય તેવો વિસ્તાર માત્ર ૨.૪૪ ટકા જ છે. આથી કહી શકાય છે કે કચ્છનો ખેતીક્ષેત્ર વરસાદ પર આધારિત છે પણ કચ્છ જિલ્લામાં વરસાદ પણ ઓછુ અને અનિયમિત જોવા મળે છે. જિલ્લામાં ૨૦૧૧-૧૨માં ૧૧૫૭ મિલીમીટર વરસાદ થયો હતો જયારે ૨૦૧૫-૧૬માં જિલ્લામાં વરસાદ ૫૨૬ મિલીમીટર જ થયું છે. જિલ્લામાં એક પણ બારેમાસ વહેતી હોય તેવી નદી નથી તેથી નહેર દ્વારા પણ સિંચાઈ શક્ય બની નથી વર્તમાન સમયમાં જિલ્લાના ખેડૂતો નર્મદા નદીના પાણી દ્વારા જિલ્લામાં ખેતી માટે પાણી ઉપલબ્ધ થાય તેવી આશા સેવી રહયાં છે.

કચ્છ જિલ્લામાં ગ્રામીણ વિસ્તાર વધારે છે જે ૧૬૬૭૨૯૫.૭૧ હેકટર વિસ્તારમાં આવેલ છે. આ વિસ્તારમાંથી ૪૩.૦૪ ટકા ખેડાણ લાયક વિસ્તાર છે અને તેમાંથી પણ ૧૮.૭૦ ટકા વિસ્તારમાં સિંચાઈની સુવિધા જોવા મળે છે.

કચ્છ જિલ્લામાં કુલ ૨૧૧૬૨૯ લોકો પાસે ખેતી માટેની જમીન છે આ જમીનનો પ્રમાણ ૮૦૨૮૩૨ હેકટર છે. કચ્છ જિલ્લામાં સીમાંત અને નાના ખેડૂતો ૩૮.૯૯ ટકા છે જયારે આવા ખેડૂતો પાસે કુલ ખેત વિસ્તારમાંથી માત્ર ૧૨.૨૧ ટકા જમીન છે.

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં ખાદ્ય પાકોનું વાવેતર વિસ્તાર ૧૩૦૫૧૯ હેક્ટર છે જયારે કુલ અખાદ્ય પાકોનું વાવેતર વિસ્તાર ૩૯૧૨૯૮ હેક્ટર છે. ખાદ્ય પાકોની તુલનાએ અખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર બમણો જોવા મળે છે. જિલ્લામાં ખાદ્ય

પાકોના વિસ્તારમાંથી ૨૯૧૧૧ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા છે જ્યારે અખાદ્ય પાકોનો સિંચિત વિસ્તાર ૨૧૨૦૮૯ હેક્ટર છે જે ખાદ્ય પાકોની તુલનાએ છ ઘણાથી પણ વધુ છે.

જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ મુજબ ફળોનું ૩૮૭૬૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ હતું જેમાંથી ૭૨૪૭૫૨ મિલિયન ટન ઉત્પાદન થયું છે આ મુજબ હેક્ટર દીઠ ઉત્પાદન ૧૮.૭૦ મિલિયન ટન મળ્યું છે. જ્યારે શાકભાજીનો ૧૪૩૦૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ હતું જેમાંથી ૨૪૦૫૮૮ મિલિયન ટન ઉત્પાદન મળ્યું હતું આ મુજબ હેક્ટર દીઠ ઉત્પાદન ૧૬.૮૨ મિલિયન ટન છે જે ફ્રાળોના હેક્ટર દીઠ ઉત્પાદનની તુલનાએ ૧.૮૮ મિલિયન ટન જેટલું ઓછુ છે.

ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી ચોક્કસ કહી શકાય છે કે જિલ્લામાં ખેતીક્ષેત્રે હજી પણ ઘણું કરવાનો બાકી છે. જિલ્લામાં કુદરત દ્વારા મળેલ આટલા મોટા વિસ્તારનો જો યોગ્ય રીતે આયોજન કરવામાં આવે તો હજી પણ વધુ ઉત્પાદન મળે તેવી ૧૦૦ ટકા શક્યતા છે પણ આ માટે સ્થાનિક લોકોએ, સ્થાનિક તંત્ર, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા યોગ્ય નીતિ નિયમો અને આયોજનો કરવા અનિવાર્ય છે નહીતર કચ્છ જેવા સુકા પ્રદેશમાં ખેતી એક ઈતિહાસ બનીને રહી જશે.

## Reference:

1. જિલ્લાની આંકડાકીય રૂપરેખા, કચ્છ જિલ્લા પંચાયત, વર્ષ ૨૦૧૧-૧૨,૨૦૧૩-૧૪ અને ૨૦૧૫-૧૬
2. District Census Handbook, Kachchh. 2011
3. DISTRICT INDUSTRIAL POTENTIALITY SURVEY REPORT OF KUTCH DISTRICT, 2016-17